શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62



સપ્ટેમ્બર અંક - ૯
વર્ષ ૫૪ સળંગઅંક ૪૩૪
માસિક કિંમત-૧૦/-રૂા. વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# સ્વર્ણિમ વ્યાજ વપરાશ ફંડ



સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી
જન્મ : ૧૭.૦૪.૧૯૧૮, ચૈત્ર સુદ સાતમ, ગુરૂવાર
સ્વર્ગવાસ : ૪.૧.૧૯૯૮, પોષ સુદ સાતમ, રવિવાર

સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી
જન્મ : ૨૪.૧૧.૧૯૨૦, કારતક સુદ ૧૩/૧૪, બુધવાર
સ્વર્ગવાસ : ૦૭.૦૬.૨૦૧૨, જેઠ વદ ૪, ગુરૂવાર

**રાજપીપલા નિવાસી**

**સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી**

**તથા સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી**

ના સ્મરણાર્થે તેમના પરિવારજનો તરફથી


**સ્વર્ણિમ વ્યાજ વપરાશ ફંડમાં**

રૂા. ૫૧,૦૦૦/- ભેટ મળ્યા.....

દાતાઓનો ખૂબ ખૂબ આભાર

શ્રી મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ શ્રી રાજેશભાઇ ડી. પંચોલી-મંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# Congratulation...


**C.A. નકુલ ભાવિક કાપડિયા**
**જન્મ તા. ૦૯.૦૧.૧૯૯૪**

***We are proud of you and happy to see your bright future***

***Best wishes for success ahead...***

***From....***

સ્વ. શ્રી મોહનલાલ જીણાભાઈ કાપડિયા
માનનીય પ્રવિણાબેન મોહનલાલ કાપડિયા

શ્રી જીતેન્દ્ર ગોવિંદદાસ મિસ્ત્રી — શ્રીમતિ ઈન્દિરાબેન જીતેન્દ્ર મિસ્ત્રી
શ્રી ચેતન મોહનલાલ કાપડિયા — શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા
શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા — શ્રીમતિ મનિષા ભાવિક કાપડિયા
શ્રી હર્ષ ભાવિક કાપડિયા
શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપ-મુંબઈ

# Congratulation...







**ક્રિના પારસકુમાર મિસ્ત્રી**

**B.Arch**

*We are proud of you and happy to see your bright future*
*Best wishes for success ahead...*

*From....*

માનનીય મધુબેન ઠાકોરભાઈ મિસ્ત્રી માનનીય અનુરાધાબેન મનુભાઈ મિસ્ત્રી
શ્રી રાજનભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રી શ્રીમતિ રેખાબેન રાજનભાઈ મિસ્ત્રી
શ્રી પારસ મનુભાઈ મિસ્ત્રી શ્રીમતિ સ્નેહા પારસ મિસ્ત્રી
શ્રી જેસલ મનુભાઈ મિસ્ત્રી શ્રીમતિ કેતકી જેસલ મિસ્ત્રી
ચિ. ઉત્સવ પારસ મિસ્ત્રી
કુ. શૈલી - કુ. નિષ્ઠા જેસલ મિસ્ત્રી

૨૦૨, અંજની હાઇટસ, માનવમંદિર પાછળ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર-૨
મો. ૯૮૨૫૩ ૬૩૦૦૨ / ૯૪૨૬૨ ૧૬૯૯૮

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

तमसो मां ज्योतिर्गमय

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર | ₹ ૩૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | ₹ ૨૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫●●/- |
| અડધુ પેજ | ₹ ૭૫૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૮૦૦/- |
| પા પેજ | ₹ ૪૦૦/- |

(પા પેજ, અડધા પેજ અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | - | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | - | **૧૦૦/-** |

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો,

શ્રાવણની વિદાય... દરેક જ્ઞાતિજનોએ આખા માસમાં ભકિત કરી આખા વર્ષનું પૂણ્યનું ભાથુ બાંધી લીધુ હશે... ભાદરવા મહિનામાં વિધ્નહર્તા ગણેશજીનું આગમન સમગ્ર જ્ઞાતિજનોનું વિધ્નો દૂર કરે અને સુખ-શાંતિ અને સમૃદ્ધિ આપે...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત સ્વયમ્ ગુપ તથા સ્વર યુથ-વ્યારા દ્વારા આયોજીત યુવાનો માટે એક દિવસીય સાપુતારા ખાતેનો પ્રવાસના સુંદર આયોજન બદલ સ્વયંમ્ ગુપ તથા સ્વર યુથ, વ્યારાની ટીમનો હાર્દિક અભિનંદન

વડોદરા નિવાસી ધ્વનિ નિલેશભાઈ મપારા 'સી.એ.'માં વડોદરામાં પ્રથમ અને દેશમાં ૩૯મો ક્રમ પ્રાપ્ત કરી સફળ થયા છે. અને પંચોલી સમાજ, વડોદરા સમાજ તથા કુટુંબનું નામ રોશન કર્યુ છે. એ બદલ હાર્દિક અભિનંદન પાઠવું છું. તેમના આ કાર્યક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરે એવી હાર્દિક શુભેચ્છાઓ....

જાહેરાતનો પ્રવાહ શરૂ થઈ ગયો છે... અંકલેશ્વર એકમ અને રાજપીપલા એકમની જાહેરાત આવવાની શરૂ થઈ ગઈ છે.. મહામંડળના હોદ્દેદારો તથા સંલગ્ન સંસ્થાના અધ્યક્ષો તથા દરેક એકમના પ્રમુખ મંત્રી જાહેરાત આપશે તોજ જ્ઞાતિજનો પણ આપશે... આપની એક જાહેરાતનો પ્રભાવ પડશે... તો જરૂરથી જાહેરાત મોકલી આપવા વિનંતી.

સૌ જ્ઞાતિજનોને વિનંતી કે જેમ બને એમ જલ્દી જાહેરાત મોકલશો જેથી છેલ્લા દિવસોમાં કામનું ભારણ વધસ ન જાય અને સમયસર અંક પ્રકાશિત કરી શકીએ..

જેમના પરણવાલાયક પુત્ર-પુત્રી હોય તેઓ તેમના ફોટોગ્રાફ સાથે અવશ્ય જાહેરાત આપે જેથી જીવનસાથી શોધવાની સરળતા રહે..

તો ચાલો.... નવયુગની ઝોળી છલકાવી દઈએ... ગત વર્ષ કરતા વધુ જાહેરાતો આપીએ...

એક સાથે કાર્ય કરી, વધુમાં વધુ જાહેરાતો રૂપી રંગો ભરી આપણું નવયુગને નવરંગી બનાવીએ...

## પ્રમુખ નોંધ

શ્રી મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

આપણાં હિન્દુ ધર્મના શ્રાવણમાસમાં આવતા વિવિધ તહેવારોની ઉજવણી કરી આપણે સૌ ગણેશોત્સવ, નવરાત્રી અને દિવાળીના તહેવારોની ઉજવણી કરવાની મીટ માંડી રહ્યા છીએ...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત સ્વયમ્ ગ્રુપ તથા સ્વર યુથ-વ્યારા દ્વારા આયોજીત યુવાનો માટે એક દિવસીય સાપુતારા ખાતેનો પ્રવાસ તા. ૧૪.૦૮.૨૦૧૬ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં અંકલેશ્વર, સુરત, નવસારી અને વ્યારાના આશરે ૨૦૦ની આસપાસ યુવક-યુવતિઓ ભેગા મળી પ્રવાસનો આનંદ માણ્યો હતો. બીજા અન્ય એકમોમાંથી યુવાનોની હાજરી ન હતી... સ્વયંમ્ ગ્રુપ તથા સ્વર યુથ, વ્યારાની ટીમનો હાર્દિક આભાર માનું છું.

સ્વયમ્ ગ્રુપ સુરત દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૭માં 'ઉડાન-૨' યુવાનો માટેનાં સામાજિક કાર્યક્રમને લઇને આવી રહ્યું છે. ત્યારે દરેક એકમોમાંથી મોટી સંખ્યામાં યુવાન મિત્રો ભેગા થશે એવી આશા રાખું છું. અને દરેક એકમમાંથી તેઓશ્રીને પ્રોત્સાહિત કરી આર્થિક સહકાર આપશે એવી વિનંતી કરું છું. શ્રી પંચોલી સેવા સમાજ નવસારી દ્વારા આગામી ડિસેમ્બર -૨૦૧૬માં ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરેલ છે. જે સ્પર્ધામાં નિયત કરેલ ટીમોને ભાગ લેવા વિનંતી કરું છું. નવસારી એકમ નાનુ એકમ છે, છતાં પણ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત બીજી વાર ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરી રહી છે. નવસારીના પ્રમુખશ્રી તથા તેમની ટીમને હું અભિનંદન પાઠવું છું. આ સ્પર્ધાના ખર્ચને પહોંચી વળવા માટે વિવિધ સ્પોન્સરશીપ રાખવામાં આવી છે. જેમાં ઉદાર હાથે ફાળો આપી સમાજ સેવાના આ યજ્ઞમાં સહભાગી થવા દાતાઓને વિનંતી કરું છું. કોઇપણ એકમ આવા કાર્યક્રમ કરે તો મોટા એકમોએ રૂા. ૫,૦૦૦/- અને નાના એકમોએ રૂા. ૨૦૦૦/- દાનમાં આપે તો આયોજકોને ઘણો માટો સહકાર પ્રાપ્ત થઇ શકે અને નાના એકમો પણ ભવિષ્યમાં સમાજના આવા કાર્યક્રમો કરવા માટે આગળ આવશે. મિત્રો નવસારી એકમને પૂરતો સહકાર આપવા વિનંતી કરું છું.

વડોદરા નિવાસી ધ્વનિ નિલેશભાઇ મપારા 'સી.એ.'માં વડોદરામાં પ્રથમ અને દેશમાં ૩૯મો ક્રમ પ્રાપ્ત કરી સફળ થયા છે. અને પંચોલી સમાજનું નામ રોશન કર્યુ છે. તેઓશ્રીને હું હાર્દિક અભિનંદન પાઠવું છું. અને તેઓ પોતાના કાર્યક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરે એવી હાદ્દિક શુભકામનાઓ... પાઠવું છું.

પાલ વિભાગના મિત્રો દ્વારા તે વિસ્તારમાં એક નાનકડું અધિવેશન થાય તેવા આયોજન કરે તેવી વિનંતી કરું છું.

આપણી પાસે તમામ સહાય અંગેનાં ફંડો વ્યાજ વપરાશ ફંડ છે. વ્યાજની ટકાવારીમાં ક્રમશ ઘટાડો થતાં વ્યાજની આવક પણ ઓછી થાય છે જેથી સહાય આપવામાં આપણે મુશ્કેલીઓ અનુભવીએ છીએ અને પૂરતા પ્રમાણમાં સહાયરૂપ બની શકાતા નથી. સૌ મિત્રોને ફરી વિનંતી કરૂ છુ કે સ્વર્ણિમ ફંડ ની રકમ આપણે પાંચ વર્ષ સુધી રૂા. ૧૦૦૦/-, ૨૦૦૦/- અને ૫૦૦૦/- યથાશકિત પ્રમાણે આપવાની છે જે રકમ સીધી દર વર્ષે આપણે આપણા જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને આપી શકીએ છીએ, મિત્રો સામાન્ય માં સામાન્ય જ્ઞાતિજનો પણ સમાજનું ઋણ ચુકવે એ ધ્યાનમાં લઇએ આપણે વર્ષે રૂા. ૧૦૦૦/- ની રકમ પાંચ વર્ષ માટે આપવાની છે તો દરેક જ્ઞાતિજનો આ સમાજ સેવાનાં સેવા યજ્ઞમાં સહભાગી બને તેવી વિનંતી કરૂ છું. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ..

આ અંકમાં દિપોત્સવીઅંક જાહેરાત માટે ફોર્મ આપેલ છે.. તો દરેક એકમોના પ્રમુખ-મંત્રી અને કારોબારી સભ્યો, મહામંડળના હોદ્દેદારો અને તેના સભ્યો પણ પોતાની જાહેરાત પ્રથમ આપે ત્યારબાદ જ્ઞાતિજનો પાસે જાહેરાત એકત્ર કરવી.. અગાઉના વર્ષોમાં દર વર્ષે જાહેરાત આગલા વર્ષનો રેકોર્ડ બ્રેક કરતી હતી.. ગયા વર્ષથી એમાં પણ ઢીલ પડી છે.. તો દરેક જ્ઞાતિજનો અને હોદ્દેદારો નવયુગમાં જાહેરાત અવશ્ય આપે.. અસ્તુ....

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત
## શ્રી નવસારી પંચોલી સમાજ, નવસારી આયોજીત





# ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૬

**તારીખ :** ૨૫.૧૨.૨૦૧૬-રવિવાર

**સ્થળ :** છાપરા ક્રિકેટ ગ્રાઉન્ડ, છાપરાગામ, નવસારી

સમગ્ર પંચોલી સમાજના ક્રિકેટ પ્રેમી ભાઇઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરેલ છે.
દરેક એકમોની ટીમોને અને સમાજના સભ્યોને આમંત્રણ આપવામાં આવે છે.
**નોંધ :** કોઇપણ ઉંમરની વ્યકિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લઇ શકશે..

**: ક્રિકેટ ટીમો :**

| | | | |
|---|---|---|---|
| (૧) મુંબઇ | (૨) નવસારી | (૩) સુરત | (૪) વ્યારા |
| (૫) બરોડા | (૬) અંકલેશ્વર | (૭) રાજપીપલા | (૮) પાલ વિભાગ |

**ટુર્નામેન્ટમાં દરેક એકમની ક્રિકેટ ટીમે એન્ટ્રી ફી રૂા. ૨,૦૦૦/- ભરવાની રહેશે...**

(રૂા. ૨,૦૦૦/-ની એન્ટ્રી ફીમાં એક ટીમના ૧૫ ખેલાડીને એન્ટ્રી પાસ મળશે.)

ક્રિકેટ ટુર્નામેન્ટમાં સમાજના સભ્યો માટે એન્ટ્રી ફી રૂા. ૧૦૦/- પ્રતિ વ્યકિત રાખવામાં આવી છે. આપનું રજીસ્ટ્રેશન આપના એકમના મંત્રીશ્રી પાસે કરાવવાનું રહેશે. ૫ વર્ષથી નાના બાળકોની એન્ટ્રી ફી ભરવાની રહેશે નહીં. **રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૦૧.૧૨.૨૦૧૬**

**નોંધ :** ગેટ પાસ વગર ક્રિકેટ ગ્રાઉન્ડમાં એન્ટ્રી આપવામાં આવશે નહીં.

**સ્પોન્સરશીપ આવકાર્ય**

| | | | |
|---|---|---|---|
| | ટુર્નામેન્ટ સ્પોન્સર | રૂા. ૨૫,૦૦૦/- | |
| વેન્યુ સ્પોન્સર | ૧૦,૦૦૦/- | ભોજન સ્પોન્સર | ૧૦,૦૦૦/- |
| ટ્રોફી સ્પોન્સર | ૧૦,૦૦૦/- | ચા-નાસ્તા સ્પોન્સર | ૭,૫૦૦/- |

**સ્પોન્સરશીપ અને પૂછપરછ આવકાર્ય**

પ્રમુખ - શ્રી દિપકભાઇ એન. મિસ્ત્રી-૯૮૨૫૯ ૮૦૮૪૦
મંત્રી - શ્રી જતિન વિ. મહેતા - ૯૯૯૮૩ ૩૯૮૫૯
ટુર્નામેન્ટ કન્વીનર-શ્રી સમીર જે. પંચોલી-૯૯૯૮૩ ૦૩૬૩૮

શ્રી દિપકભાઇ એન. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી નવસારી પંચોલી સમાજ, નવસારી

શ્રી મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

તથા શ્રી નવસારી પંચોલી સમાજના સર્વે કારોબારી સભ્યો

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
**02690100010065 IFC Code BARBO VYARAX**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા
'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
**014710003655 IFSC code Bkdn 0210147**
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-વ્યારા

## હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. લલીતાબેન છગનલાલ મિસ્ત્રી**
**જન્મ : ૦૭.૦૩.૧૯૨૫**
**સ્વર્ગવાસ : ૧૧.૦૯.૨૦૧૪**

## મા મને લેવા આવશે ને ?

જ્યારે જ્યારે 'મા' ની વાત નીકળે છે, ત્યારે ત્યારે મને તું ખુબ યાદ આવે છે મા,
ધીમો ધીમો તો પણ સ્પષ્ટ અને મીઠો, વાત્સલ્ય સભર સાદ એક સંભળાય છે
હું એટલી નાની નથી કે મારી સવાર તારા વગર ન પડે કે સાંજ તારા વગર ન ઢળે,
પણ હું પાછી એટલી મોટી પણ નથી કે 'મા'ની વાત નીકળે અને મારા આંસુ ન નીકળે.
મેં જોરશોરથી તારી સાથે બચપણમાં જે કરી છે અને તેં શાંતિથી સાંભળી છે મા,
એ તમામ દલીલો ખુદ મા બન્યા પછી, તારી ક્ષમાયાચના સાથે હું પાછી ખેંચુ છું.
અનિમેષ નયને મારા આવવાની રાહ જોતી અને સોફામાં બેસી ઘડિયાળ નિહાળતી મા,
ટ્રેન મોડી છે કે? હજી કેમ ન આવી? પૂછીને અધીર બનેલા મનને માંડ માંડ વાળતી તું.
મને નિશાળે મૂકવા આવતી અને મારી નજર ચૂકાવીને ચુપચાપ ચાલી જતી તુ મા,
અંતે પણ તેં એવું જ કર્યું ને મા, મારી નજર ચુકાવીને તું ચાલી નીકળી મહાપ્રયાણે.
પણ નિશાળ છૂટવા ટાણે તું મને કાયમ લેવા આવતી ને હું દોડીને તને વળગી પડતી,
મારે તને ફરીથી વળગવું છે, મારી જિંદગી છૂટ્યાની વેળાએ મને લેવા આવીશને મા?

પલ્લવી જિતેંદ્ર મિસ્ત્રી.- Mob. [૦૯૫૩૭૯૨૭૭૭૦]
E mail: [pallavimistry@yahoo.com]

## shaadi.com



નામ : **જય**
પિતા : દિપકભાઇ ચુનીલાલ પંચોલી
માતા : સંગીતાબેન
જન્મ તા. : ૨૪.૦૩.૧૯૯૦ રાત્રે ૧૨.૪૫
અભ્યાસ : બેચલર્સ ઇન કમ્પ્યુટીંગ સીસ્ટમ, યુની ટેક-ન્યુઝીલેન્ડ
સર્વિસ : આઇ.બી.એમ., ઓકલેન્ડ(ન્યુઝીલેન્ડ)
ભાઇ-બહેન : નથી
જન્માક્ષર : માનતા નથી (મંગળ-શની નથી)
એડ્રેસ : લાઇટબજાર, નવાપુર, ડિ. નંદુરબાર
મો. : ૦૯૩૨૫૩૭૦૮૨૫

જય નવેમ્બર માસમાં આવનાર છે....
ન્યુઝીલેન્ડ જવા ઇચ્છનારે જરૂરથી સંપર્ક કરવો..

## પ્રથમ પૂણ્યતિથિ એ શ્રદ્ધાંજલી


અં.સૌ. શોભનાબેન કિશોરભાઈ પંચોલી
જન્મ તા. ૧૦-૦૯-૧૯૫૪ સ્વ.તા. ૨૮-૦૯-૨૦૧૫ ને સોમવાર

પાપણ ઝુકે ને તમને નમન થઇ જાય,
મસ્તક ઝુકે ને તમને વંદન થઇ જાય
પણ એવી નજર ક્યાંથી લાવીએ કે,
તમને યાદ કરીએ ને તમારા દર્શન થઇ જાય.
આપના આત્માને ચિરઃ શાંતિ આપે એવી
પ્રથમ પૂણ્યતિથિએ હૃદયાંજલી

### અર્પણકર્તા

કિશોરભાઇ સી. પંચોલી
પ્રિયેશ કે. પંચોલી અમૃતા પી. પંચોલી
ચિ. હેતવી પી. પંચોલી
પૂર્વેશકુમાર એચ. પંચોલી જાસ્મીના પી. પંચોલી
ચિ. જોય પૂર્વેશકુમાર પંચોલી

૨/૨૦૩, લક્ષ્મીપાર્ક એપાર્ટમેન્ટ,
દીપાંજલી સોસાયટી, પાલનપુર જકાતનાકા રોડ,
અડાજણ, સુરત
મો : ૯૦૩૩૩ ૪૨૪૯૧

## શ્રદ્ધાંજલી


સ્વ. રમણિકભાઈ નાથુભાઈ ગજ્જર
જ.તા. ૨૮.૮.૧૯૩૦ સ્વર્ગ વાસ : ૩.૮.૨૦૧૬

પ્રભુ આપના આત્માને ચિરઃ શાંતિ આપે એવી
અંતઃકરણથી હૃદયાંજલી

### અર્પણકર્તા

સ્વ. બાલકૃષ્ણભાઇ નાથુભાઇ ગજ્જર
સ્વ. મનુબેન બાલકૃષ્ણભાઇ ગજ્જર
સ્વે કલાવતીબેન રમણિકલાલ ગજ્જર
પ્રવિણચંદ્ર બાળકૃષ્ણ ગજ્જર
રજનીબેન પ્રવિણચંદ્ર ગજ્જર
રવિન્દ્રભાઇ પંપકલાલ જરીવાલા
શર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઇ જરીવાલા
ધવલ પ્રવિણચંદ્ર ગજ્જર મિત્તલ ધવલ ગજ્જર
દિપકકુમાર સૂર્યકાંતભાઇ પંચોલી
ફાલ્ગુની દીપકકુમાર પંચોલી
હેમેનકુમાર શાંતીલાલ પંચોલી
બીના હેમેનકુમાર પંચોલી
ચિ. પ્રિયંકા, વદેહી, હર્ષિલ, નિધિ, આધ્યા

૫/૫૯૦, હરીપુરા પંચોલી શેરી, સુરત

# પ્રેમ... વરસાવીએ

નટુભાઇ પંચોલી-જબુગામ

પ્રેમ પૂર્ણ વિશ્વાસ ઇચ્છે છે. પૂર્ણ સ્વાધિનતા અને જવાબદારી ઇચ્છે છે. એનામાં પલ્લવિત થવાની અને વિકસાવવાની અસીમ શકિત છે. સતત જીવવું અને વહેવું એ પ્રેમનો સ્વભાવ છે. પ્રેમ ખૂબ સહન કરે છે. પ્રેમ બધું જ માની લે છે. પ્રેમ આશામય છે, તે સ્વયં ઘાયલ થઇ જવા છતાં પોતાના પ્રેમપાત્રને પ્રેમ કરે છે. જયાં પ્રેમ છે ત્યાં દયા છે. પ્રેમમાં દ્વેષની સંકલ્પના જ નથી. પ્રેમમાં ભેદ નથી. પ્રેમને દુષ્ટ વિચારો આવતા નથી. તે બધુ જ સહન કરે છે.

પ્રેમ એક એવી શકિત છે. જે માનવ માનવ વચ્ચેની દિવાલને તોડી નાંખે છે. તે એક માણસને બીજા માણસ સાથે જોડે છે. પ્રેમ એકલતા અને જુદાઇની લાગણી પર વિજય મેળવે છે. પ્રેમ એ પ્રવૃત્તિ છે તેમાં માણસ નિષ્ક્રિય દેખાતો હોવા છતાં સક્રિય છે. પ્રેમની પ્રક્રિયામાં તેનું મુખ્ય લક્ષણ આપવાની વૃત્તિ છે. લેવાની નથી, આપવું એ માણસની સર્વ શ્રેષ્ઠ અભિવ્યકિત છે. આપવામાં માનવીને શકિત, સમૃદ્ધિ અને સામથ્યનો અનુભવ થાય છે. માનવી આપતી વખતે જીવંતતાનો અનુભવ કરે છે. હર્ષની લાગણી અનુભવે છે. લેવા કરતાં આપવામાં અનેક ઘણો આનંદ અનુભવે છે.

જીવનમાંથી શુભ તત્વો અને પરમ આનંદની ઝાંખી કરવા દુશ્મનો સાથે પણ પ્રેમથી વર્તીએ. જેમ તેમ બોલી ન નાંખીએ, સામી વ્યકિતને જરાપણ દુઃખ ન થાય એવી મૃદૃ ભાષા વાપરીએ. પ્રેમ એ એક એવો તાંતણો છે કે જેને આપણે આપણી જ બાજુ ખેંચ્યા કરીએ તો એ તૂટી જાય છે અને સામા તરફ રાખીએ છીએ તો એ વધુ ને વધુ મજબૂત થતો જાય છે. પ્રેમનું લક્ષણ જ છે, પ્રેમ કરવો, ત્યાગ કરવો, પોતે ખાલી થઇ જવું અને પરિણામે શાંતિ અને આનંદની પરમ અનુભૂતિ પામવી. પ્રેમ તો ભર્યો ભર્યો ઉભરાતો પ્યાલો છે. તે આપોઆપ વહેવા માંડશે. પ્રેમ વ્યકત થવા માંગે છે. પ્રગટ થવા માંગે છે. પ્રેમની અભિવ્યકિત માટે જ સેવા, સમર્પણ અને આપી છૂટવું છે. આપણું બધું જ આપીએ અને સામેથી પણ કંઇ લેવાની અપેક્ષા ન રાખીએ તો જ તે સાચો પ્રેમ કહેવાય. નિષ્કામ ભાવના આપતા રહેવામાં જ પ્રેમ છે.

પ્રેમનું એક મુખ્ય લક્ષણ એ છે કે તે આનંદ સાથે દુઃખનો સ્વીકાર કરી લે છે. કારણ કે દુઃખ અને ત્યાગમાં પ્રેમની સાર્થકતા સમાયેલી છે. પ્રેમ ચિરકાલ સુધી કષ્ટો સહન કરે છે. તે દયાળુ છે પ્રેમ ઈર્ષ્યા કરતો નથી. તે પોતાની મોટાઇનું પ્રદર્શન કરતો નથી. પ્રેમ અશોભનિય વહેવાર કરતો નથી. પ્રિય પાત્રનું બૂરું ઇચ્છતો નથી. દુષ્કર્મ હરખાતો નથી. આશાસ્પદ વલણ ધૈર્ય ધારણ કરે છે. સાચો પ્રેમ રોગ નથી પણ શકિતવર્ધક વિટામીન છે.

હૃદયરોગથી બચવાનો રામબાણ ઇલાજ છે. પ્રેમ કરી અને છલોછલ પ્રેમ કરતા રહો. આપણું શારીરિક હૃદય તો એક પંપ છે, પરંતુ આપણી ભીતર એક સુક્ષ્મ હૃદય પ્રતિક્ષણ ધબકતું રહે છે. એ સૂક્ષ્મ હૃદય પ્રેમ કરવા અને પ્રેમ આપવા માટે તલસે છે. એ તલસાટ પવિત્ર છે. આપણે આપણાં મનમાં ગુનાહિત ભાવ અને આત્મ તિરસ્કારની લાગણી ન સંઘરીએ અને જાતને પ્રેમ કરીએ. અને જયારે આપણે આપણી જાતને પ્રેમ કરતા થઇએ ત્યારે શરીરનું રોગપ્રતિકારક તંત્ર આળસ મરડીને બેઠું થાય છે અને રોગમુકિતની દિશામાં આપણે એક ડગલું આગળ વધીએ છીએ.

આજની ઘડી અને આજનો દિવસ રણીયામણો અને આનંદમય થાય તે જ જીવનની સાર્થકતા છે. હંમેશા આનંદમાં રહેવા માટેનો એક સરસ વિચાર છે. જીવનની સફળતા માટે કોઇપણ વ્યકિતએ જિંદગીમાં માત્ર બે પ્રત્યે જ પ્રેમ દાખવવાની જરૂર છે. એક તો ઇશ્વર માટે અને કોઇપણ સમયે પોતાની સન્મુખ જે વ્યકિત હોય તેને માટે. જીવનમાં મન સાથે ય પ્રેમ ભરી મિત્રતા હોય, દમન-શમનથી મન અવળુ ફંટાય કે વિફરે. માટે મનને ઠપકાથી નહિ પણ પ્રેમથી સમજાવીએ. પછી તો મન જ આપણને બધુ બતાવશે અને મનમાં અનુભવાતો ભય પણ ચાલ્યો જશે.

પ્રેમ અને કરુણાનો અખૂટ ઝરો આપણાંમાંજ છે. તો એ વાત ખૂબ મહત્વની છે. આ પ્રેમનો કૂવો તો પાતાળ કૂવો છે. પ્રેમ જળ કદી ખૂટતુ નથી કે સુકાતું નથી. અને રોજે રોજ જેમ નવું અને તાજુ જળ મળે એમ પ્રેમજળનું પણ છે. સહજ પ્રેમની લાગણીઓથી સૌ કોઇ ભીંજાય એ અફર નિયમ છે. આપીએ અને મેળવીએ. આપ્યા સિવાય પ્રેમ કદી મળતો નથી. આપણી ભીતર પડેલો છલોછલ પ્રેમ સૌને આપવા માટે જ છલકાય છે.

આપણાં શરીર મન અને ભાવનાઓ પર પ્રતિદિન અનુકૂળ અને પ્રતિકૂળ આઘાત-પ્રત્યાઘાત પડયા જ કરે છે. અને તે આપણાં શારીરિક, માનસિક અને ભાવાત્મક ક્ષેત્રે

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્ર છગનલાલ પંચોલી બિલીમોરા શ્રી જનકભાઇ ત્રીભોવનદાસ પંચોલી બિલીમોરા

ભિન્ન ભિન્ન પ્રકારની સંવેદનાના દબાણ અને ખેંચાણ ઉત્પન્ન કર્યા કરે છે. તે જ સુખનું અને દુઃખનું કારણ બને છે. તેથી કશીય પંચાતમાં ન પડતાં માત્ર માણસ માત્ર માણસ તથા પ્રાણીમાત્રને ચાહતાં શીખીએ. પોતાના હૃદયસાગરમાંથી આ ક્ષણથી જ ખૂબ ખૂબ પ્રેમ રૂપી પ્રવાહ વહેવડાવીએ. નાની અને મોટી બધી જ બાબતો અને કાર્યોમાં નર્યો પ્રેમ...પ્રેમ અને પ્રેમ જ વર્ષાવીએ....

# પશુઓમાં શિસ્ત

પદ્માકાંત પંચોલી-વડોદરા

હું ગુજરાત વિદ્યુત બોર્ડ ડેસર સબડીવીઝન(તા. સાવલી, જિ. વડોદરા)માં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતો હતો. સમયગાળો ૧૯૮૦ થી ૧૯૮૩. ઘણીવાર ખેડૂતોના વીજ જોડાણના પ્રશ્નો માટે જવાનું થતુ હતું.

એક સમયે ભર ઉનાળામાં એક ખેડૂતની મોટર ચાલતી નહીં હોવાથી ફરિયાદ અંગે એમના ખેતરમાં જવાનું થયું. ખેતરમાં વૃક્ષના છાંયડામાં કેટલાક પશુઓ વિસામો લઇ રહ્યા હતાં. અમે વીજ જોડાણ કરી મોટર ચાલુ કરી કુવામાંથી પાણી બહાર પડતું થયું એટલે તમામ પશુખલ એમની જગ્યાએ ઉભા થઇ ગયા. બધાને પાણીની તરસ તો લાગી હશ જ પણ ગોવાળીયાના એક ઇશારાથી સૌ પોતપોતાની જગ્યાએ જ ઉભા રહી ગયા. કોઇએ પણ પાણી પીવા જવા માટે ઉતાવળ કે પડાપડી ન કરી અને ગોવાળીયાના ઇશારે એક પછી એક કુવા પર પાણી પીવા ગયા. પશુઓનું આવુ શિસ્તબદ્ધ વર્તન હું તો જોઇ જ રહ્યો. છેલ્લે જેનો વારો આવ્યો તે પણ આરામથી પાણી પીને છાયડામાં આવી ગયું.

હું આ અબોલ પશૈઓની શિસ્ત બદ્ધતાથી ખૂબ પ્રવાભાવિત થયો. આવુ દ્રશ્ય ભાગ્યે જ જોવા મળતું હોય છે. અને મે એ દ્રશ્ય માણ્યું. આપણે અબોલ પશુઓ પાસેથી ઘણું શીખવાનું છે. પાણી ભરવા પડાપડી, રાહત સામગ્રી લેવા પડાપડી અને ઝઘડા, જમવામાં પડાપડી... આપણે પણ આમની પાસેથી કંઇક શીખીએ....

# તબીબી સેવા સંકુલ

ડૉ. વિસ્મય મિસ્ત્રી
અધ્યક્ષ-તબીબી સેવા સંકુલ

જ્ઞાતિજનો,

દર વર્ષે મેડીકલ-સારવાર સહાય માટે ૨૫ થી ૩૦ અરજીઓ આવે છે. સહાય માટેના ફંડની મર્યાદા રૂા. ૧ લાખ હતી, પણ મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇના પ્રયત્નોથી સ્વર્ણિમ ફંડને લીધે દોઢ લાખ જેટલી સહાય કરી શકાય છે.. આ દોઢ લાખના ફંડમાંથી ૪-૫ અરજીઓ એક લાખથી વધુ કે ૪ થી ૫ લાખ સુધીનો ખર્ચ થયો હોય એવાની અરજીઓ આવે છે. તેમને ઓછામાં ઓછા ૧૫ થી ૨૦ હજારની સહાય કરતાં ૫ વ્યકિતઓની સહાયમાં જ એક લાખ રૂપિયા વપરાય જાય છે. બાકીની ૨૫ અરજીઓ માટે રૂા. ૫૦,૦૦૦/- જેટલું જ ફંડ બાકી રહે છે.. આથી તેમને જરૂરી મદદ કરી શકાતી નથી. આથી આપણી જ્ઞાતિના ઓછી આવકવાળા કે જરૂરીઆતમંદ વાળા જ્ઞાતિજનોને વિનંતી કે આપ સારવાર માટે ટ્રસ્ટની હોસ્પીટલ કે સરકારી કે અર્ધ સરકારી હોસ્પીટલમાં દાખલ થશો તો ઓછો ખર્ચ થશે.

ટ્રસ્ટની ઘણી હોસ્પિટલોમાં રાહત દરે પ્રાયવેટ હોસ્પિટલના ડોકટરો જ વીઝીટ કરીને ઓપરેશનની સેવા આપતા હોય છે. સીવીલ હોસ્પિટલમાં પણ હવે સ્પેશ્યાલીસ્ટ ડોકટરોની સેવા મળે છે.

જે વ્યકિતઓ કોર્પોરેટ જેવી મોટી હોસ્પિટલમાં સારવાર લે છે તો હોસ્પિટલનો સારવારનો ખર્ચ ૧ લાખથી વધુ જ હોય છે. આથી તમારી પાસે મેડીકલેમની સગવડ ન હોય તો આપ અર્ધ સરકારી કે સરકારી હોસ્પિટલમાં જ સારવાર લેવાનું પસંદ કરશો. ચાર - પાંચ અરજીઓ જે પ્રાયવેટ કે કોર્પોરેટ હોસ્પિટલમાં સારવાર કરી હોય તેવી વ્યકિત કે જેમનું બીલ લાખો રૂપિયામાં હોય છે તે આપણું તબીબી સેવા સંકુલનું બજેટ ખોરવી નાંખે છે. અને બાકીના દરદીઓ જેમણે સરકારી કે અર્ધસરકારી સંસ્થાની હોસ્પિટલમાં સારવાર લીધી હોય છે. તેમનું બીલ પણ ઓછું હોય છે પણ તેઓ ખરેખર સહાયને પાત્ર છે કારણ કે તેઓ ગરીબ હોવાથી જ આવી હોસ્પિટલનો સહારો લે છે. આથી આપણી ફરજ એમને વધુ ને વધુ સહાય કરવાની રહે છે તો દરેક જરૂરીઆતમંદ દરદીને વિનંતી કે શકય હોય આપ સંસ્થાની ચેરીટેબલ કે સરકારી કે અર્ધસરકારી હોસ્પિટલમાં સારવાર લેવી.

# કાવ્ય

## ક્યાં શોધું તને હું ?

જીવન તો ઝેરનો કટોરો છે, ભલભલા પીને થયા અમર
માતા સીતા ને મંદોદરી, અહલ્યા-તારાને દ્રૌપદી થયાં અમર.
૭૦માં સ્વાતંત્ર્ય પ્રજાસત્તાક દિને પર્વની ઉજવણીમાં થયો મસ્ત.
છતાં, ઓ 'બુલી' તને ક્યાં શોધું ? એ તો બતાવ
તું મારા નયનમાં વસી, આંખો ઢસી, જીવનભર હસી.
હવે તને ક્યાં ગોતું ? એ તો પ્રેમ થી બતાવ, તને ક્યાં શોધું ?
મારા મનના મહેલમાં સાદ સંભળાય તારો
તારા સ્નેહનો આશાદીપ - આશામય દીવડો પ્રગટાવી
એ તો બતાવ 'સુશી' હું તને ક્યાં શોધું ?...
જ્યોત-જ્યોતિ પ્રગટાવી, પ્રેમભરી અમૃતમય નિગાહો ને
જીંદગી જીવવાની મઝા છે. 'હા' માં 'ના'નું નિકંદન કાઢીને
જીવનને જીવવાની મઝા છે પ્રેમ ભરી નિગાહોમેં
જીવનને જ્યાં ? ત્યાં વેડફી ના નાખો, એ તો બતાવ તું..
તને મારા ચમનમાં જીવી રહ્યો, ગોતું તને ક્યાં ક્યાં
આવીને કંઇક તો કરી બતાવ, તને ગોતું ક્યાં ?
અરે, એ તો બતાવ પ્યારી - દુલારી તને ક્યાં ગોતું ?

પરેશ એ. પંચોલી-વલ્લભવિદ્યાનગર

## સંસાર છે ચાલ્યા કરે...

જીવન માં હવે ડર શાનો, થવાનું જે હશે થાશે,
તકલીફ તો રહેવાની, સંસાર છે ચાલ્યા કરે...

અતિતમાં ઝાંખી લઇએ, કોનું ભલુ કર્યુ પોતે,
હિસાબો માંડતા રહીએ, સંસાર છે ચાલ્યા કરે...

મળી હાર જ્યાં પણ ત્યાં પડકાર જે માને,
ભલે સહકાર ન આપે, સંસાર છે ચાલ્યા કરે...

કર્મ સદા કરતા રહીએ, ફળની આશ નવ રાખીએ,
આપણે તો નિમિત્ત થઇએ, સંસાર છે ચાલ્યા કરે...

નથી સરળ કે મુશ્કેલ સફળતાનો માર્ગ જીવનમાં
સદા ઝઝૂમતા રહીએ, સંસાર છે ચાલ્યા કરે..

સુખને વહેંચતા રહીએ, દુઃખને સહેતા શીખીએ,
સૌને હસાવતા રહીએ, સંસાર છે ચાલ્યા કરે...

નટુભાઇ પંચોલી-જબુગામ

## પંચોલી નવયુગ

પંચોલી નવયુગનું વાંચન ઘેર ઘેર થાય છે..
એ વાંચીને માર્ગ ભુલેલા સુધરી જાય છે..
ક્યાંક હસાવે છે ને ક્યાંક રડાવે છે તું.
પંચોલી નવયુગ તારા લેખો શાનમાં ઘણું કહી જાય છે.
સમાજ સેવાના લેખ વાંચવાના રંગમાં રંગાવી જાય છે.
પંચોલી નવયુગ ગૌરવવંતુ આપણું માસિકપત્ર છે..
દેશ વિદેશના વિવિધ સમાચારો આપે છે..
સૌને ઘેર નવુ નવું જ્ઞાન પીરસતું જાય છે...
ચકોર હોય તો સમજો..શાનમાં કહી જાય છે..
તેપન વર્ષથી એકધારુ વિના મૂલ્યે મળતુ રહે છે..
અવિરત આવતુ નવયુગ સુવાસ પ્રસરાવતું જાય છે...
દિવ્ય સુગંધિત પુષ્પ સમાન 'પંચોલી નવયુગ'
આજની ઘડીએ લાખ લાખ વધામણાં...'પંચોલી નવયુગ' ને.

શકુંતલાબેન શાંતિલાલ પંચોલી-વ્યારા

# યે મેરા પ્રેમ પત્ર પઢકર

પલ્લવી જીતેંદ્ર મિસ્ત્રી.
અમદાવાદ

મમ્મી: મુન્ના, ક્યારનો શું કરી રહ્યો છે બહાર?
મુન્નો: મમ્મી, હું મારા ફ્રેન્ડસ જોડે 'પોસ્ટમેન – પોસ્ટમેન' રમી રહ્યો છું.
મમ્મી: એ વળી કઈ રમત?
મુન્નો: મમ્મી, અમે પોસ્ટમેન બનીને સોસાયટીના ઘરે ઘરે જઈને પોસ્ટ આપી આવ્યા.
મમ્મી: અને એ માટે ટપાલ આઈ મીન પોસ્ટ ક્યાંથી લાવ્યા?
મુન્નો: મમ્મી, તારા કબાટમાં 'ખાનગી' લખેલું લેટર્સ નું એક પેકેટ હતું ને, એ મેં લીધું.
આ તો એક જોક છે એટલે પછી મુન્નાનું શું થયું? કે મમ્મીનું શું થયું? એ પ્રશ્નો અપ્રસ્તુત છે. અને આમ પણ હવે ઈન્ટરનેટ ના ફાસ્ટ કોમ્યુનીકેશન ના જમાનામાં પત્રો લગભગ આઉટ ડેટેડ થઇ ગયા છે. પણ જ્યારે પ્રેમ પત્રોનો એક અદભૂત જમાનો હતો એ વખતની વાત તમને વાત કરું છું.
માણસ જ્યારે કોઈ ખોટું કામ કરવા જઈ રહ્યો હોય છે, ત્યારે ચોવીસે કલાક જાગતો રહેતો એનો અંતરાત્મા એને ડંખે છે, ચેતવે છે, અંત:સ્ફૂરણા દ્વારા મેસેજ મોકલે છે, ' હે વત્સ, સાવધાન ! તું જે કઈ પણ કરવા જઈ રહ્યો છે તે કરવા યોગ્ય કામ નથી. આગળ વધતા પહેલા ફરીથી એકવાર વિચારી લે. જો તું મારા અવાજને – તારા અંતરાત્માના અવાજને અવગણીને આગળ વધશે તો તારે કર્મના ફળ મીઠા નહિ પણ માઠા ભોગવવા પડશે. મેં તો મારી ફરજ પ્રમાણે તને ચેતવણી આપી દીધી, હવે તું જાણે અને તારું નસીબ જાણે.'
માણસનું નસીબ જો આ ક્ષણે પાધરું એટલે કે સારું હોય, ઠેકાણે હોય, તો એ ચંચુપાત કર્યા વગર આત્માના અવાજને અનુસરીને ખોટું કામ કરવાનું માંડી વાળે. જો કે એવું ભાગ્યે જ બને છે. મોટેભાગે તો પોતાને 'બુદ્ધિશાળી' ગણાવતો માણસ અંતરાત્માને ડરાવી, ધમકાવીને ચુપ કરાવી દે છે, એના અવાજને દબાવી દે છે, 'બેસ, બેસ, ડાહ્યલા. તને આમાં શું સમજ પડે? બુદ્ધિ ન ચાલતી હોય ત્યારે ચુપ રહેતા શીખ.' એની આવી ધમકી સાંભળીને અંતરાત્મા પણ ચુપ થઇ જાય. વારંવાર ની આવી દમદાટી થી કેટલાકના અંતરાત્મા લાંબા ગાળા માટે અને કેટલાકના તો કાયમને માટે ચુપ થઇ જાય છે.
માણસની બુદ્ધિ જ્યારે ખોટી પડે છે અને અંતરાત્માનો અવાજ સાચો સાબિત થાય છે, ત્યારે માણસ પોતાના ખોટા કામોને લીધે ઊંધા માથે પછડાય છે. આવે વખતે અંતરાત્મા પાછો જાગ્રત થઇ જાય છે અને સંભળાવે છે, 'લે, મેં નહોતું કહ્યું કે આ કામ કરવા જેવું નથી? મારી વાત ન માની ને પછડાયા ને ઊંધા માથે? હાથના કર્યા હૈયે વાગ્યા ને? ભોગવ હવે તારા કર્મોને. મને ચુપ કરતો હતો, હવે પોતે જ ચુપ થઇ ગયો ને? તું એ જ લાગનો છે.' ને માણસ પસ્તાય છે, અંતરાત્માની મનોમન માફી માંગે છે, ફરીથી એવી ભૂલો ન કરવાનું નક્કી કરે છે, થોડા સમય બાદ પોતાની આ કબુલાત ભૂલી જાય છે, અને એ જ ભૂલ ફરીથી કરવા તૈયાર થઇ જાય છે.

પ્રેમપત્ર લખવાની પ્રક્રિયા પણ ઘણીવાર પસ્તાવો કરવાનો વખત આવે એવી પ્રક્રિયા છે. કુંવારાઓ કદાચ મારી આ વાત માનવા તૈયાર નહિ થાય, પણ પરણેલા પુરુષો તરત જ મારી વાત સાથે સહમત થશે એની મને ખાતરી છે.કેમ કે જ્યારે પત્ની એક હાથમાં વેલણ ઝાલીને અને એક હાથ કેડ પર મૂકીને પતિને પૂછતી હોય(ખરેખર તો ઉધડો જ લેતી હોય), - 'કેમ, પ્રેમપત્રો માં તો કેવું કેવું લખતા'તા? પ્રિયે ! તારા માટે આકાશના તારા તોડી લાવીશ, પૂનમનો ચાંદ લાવી આપીશ, તારી રાહોમાં ફૂલોની સેજ બીછાવીશ અને તને મારી બાહોંના ઝૂલામાં હેતથી ઝુલાવીશ.'
'ક્યાં ગયા એ તમારા ઠાલાં વચનો? ચાંદ- તારા તોડી લાવવાની વાત મૂકો બાજુએ, રેશનીગ માંથી ખાંડ – કેરોસીન લાવી આપો તો ઘણું. રાહોમાં ફૂલડાની સેજ ન બિછાવો તો વાંધો નહિ, પણ બાળકોને સ્કુલેથી લઇ આવવા એકટીવા તો અપાવો, ક્યા સુધી લ્યુના જેવું

ફટફટીયું ચલાવ્યે રાખું? (બાળકો પણ હવે તો એના પર બેસતા શરમાય છે) બાહોંના ઝૂલામાં ઝુલાવવાની વાતને મૂકો તડકે, માળીયેથી આટલો એક તેલનો ડબ્બો ઉતારી આપો તો પણ તમારી મહેરબાની. દાઝ તો મને એવી ચઢે છે કે તમારા બધા પ્રેમપત્રો કબાટમાંથી કાઢીને નાખું ચૂલામાં, દેખવું ય નહિ ને દાઝવું ય નહિ. મને તો એ જ નથી સમજાતું કે તમે (પુરુષ) લોકો અમને (સ્ત્રીઓને) પ્રેમપત્રો લખીને આવા તદ્દન જુઠા-ખોટા વચનો આપીને કેમ છેતરતા હશો?

અરે બહેન! તમને શું ખબર કે પ્રેમપત્રો લખતી વખતે એ બિચારાની દાનત તમને છેતરવાની જરા ય નહોતી. પણ પ્રેમપત્રો માં શું લખાય તે વાતની જ એ નાદાન – નિર્દોષ અને બિન અનુભવી માણસને ખબર નહોતી. એને શું, આ વાતની ખબર ઘણા પ્રેમીઓને નથી હોતી. ઘણા ઓછા લોકો જાણે છે કે – પ્રેમપત્રો લખવાની કળા ઘણી કુશળતા માંગી લે છે. એમાં ક્યાંય ભેરવાઈ ન પડાય એની કાળજી રાખવાની હોય છે. પરંતુ આ કુશળતા કે સાવધાની ઘણા અનુભવની બાદ આવે છે, અને ત્યાં સુધીમાં તો ભાઈ કે બેન કુરબાન થઇ ચુક્યા એટલે કે પરણી ચુક્યા હોય છે, ક્યાં તો પોતે જેને પ્રેમપત્રો લખ્યા હોય છે એને અથવા બીજાને.

પોતાની પ્રેમિકા પોતાને છોડીને બીજા કોઈની ડાળે જઈને બેસી ગઈ હોય, એટલે કે બીજાને પરણી ચુકી હોય છે, અને પોતાને જોઈતી પત્ની ન મળી હોય ત્યારે કેટલાક સનકી પ્રેમીઓને બદલો લેવાની ઈચ્છા જાગે છે. એ પ્રેમિકાએ લખેલા પ્રેમપત્રોનો શસ્ત્રો તરીકે ઉપયોગ કરીને પ્રેમી એને 'બ્લેકમેલ' કરે છે. જેનાથી પેલી 'વ્હાઈટ ફીમેલ' એટલે કે ડરની મારી 'ફિક્કી' પડી જાય છે.

પ્રેમપત્રો લખવામાં જો પ્રેમીજને મૂર્ખતાની તમામ સરહદો વટાવી દીધી હોય, એટલે કે ન લખવા જેવું પણ ભરડી નાખ્યું હોય, ઉપરથી એવા પ્રેમપત્રો નો નાશ કરવાને બદલે મિલકતની જેમ કબાટમાં સંઘરીને બેઠા હોય, નસીબ કાણા હોય, તો આ ખજાનો પતિ અથવા પત્નીના હાથમાં આવી જાય, તો પછી તો – અહાહાહા ! એમના લગ્ન જીવનમાં 'બોમ્બ વિસ્ફોટ' થાય છે. અને વકીલોને કમાણી નું સાધન મળી રહે છે, અદાલતમાં લોકોને મનોરંજન મળી રહે છે. નિર્દોષ અને મજાના લાગતા આવા પ્રેમપત્રો એ ઘણા પ્રેમીજનોની પત્તર ખાંડી છે.

ક્યારેક પ્રેમપત્ર ભૂલથી પ્રેમિકાના બદલે એના પરમ પૂજ્ય પિતાશ્રીના હાથમાં જતો રહે તો હાડકા ભાંગવાને કારણે પ્રેમીએ હોસ્પીટલમાં જવાનો વારો પણ આવી શકે છે. અથવા આવા કેસમાં પ્રેમી જો લાખોપતિ કે કરોડપતિ પિતાનો પુત્ર હોય તો જીવનભરની જેલ (લગ્ન બંધન) માં જવું પડે છે. આમ પ્રેમપત્રો ક્યારેક 'બેધારી તલવાર' જેવી અસર પણ ઉપજાવે છે. એટલે મિત્રો, ક્યારેક તમને પ્રેમપત્ર લખવાનું મન થાય, તો આ બધી બાબતોનું ધ્યાન રાખીને પ્રેમપત્ર લખજો.

ગમે તેવી અડગ મનોબળ વાળી વ્યક્તિ હોય તો પણ પ્રથમ વાર પ્રેમપત્ર લખતી વખતે થોડી પળો માટે તો એનો આત્મવિશ્વાસ ડગમગી જ જાય છે, અને એ 'યે મેરા પ્રેમપત્ર પઢકર તુમ નારાજ ના હોના' એવું લખવા પ્રેરાય છે. પછી પ્રેમિકાને મસ્કા મારતા લખે છે, 'કી તુમ મેરી જીંદગી હો, કી તુમ મેરી બંદગી હો' બદનસીબે એ જ પ્રેમિકા ને પરણી જાય તો વર્ષો પછી એ પ્રેમિકા એને 'મૌત' સમાન અને 'બદદુવા' સમાન લાગવા માંડે છે, કેવું અજબ છે ને માનવ મન? પછી તો એ 'એ મેરા પ્રેમપત્ર પઢકર...' ગાવાનું ભૂલી જાય અને ગણગણવા માંડે, 'દુનિયા બનાનેવાલે ક્યા તેરે મન મેં સમાઈ, તુને કાહે કો દુનિયા બનાઈ....?'

## અભિનવ પૂર્તિ

સંજોગવસાત અભિનવ પૂર્તિ પ્રગટ નથી કરી શકયા એ બદલ દરગુજર કરશો...

અધુરી કહાની ની વાર્તા ફકત એક વ્યકિતની જ આવી હોય જ્ઞાતિજનોને લખી મોકલવા વિનંતી...કદાચ નવયુગ મોડા મળ્યા હોય એવું ધારું છું. આ નવયુગ મળે તુરત વાર્તા રવાના કરશોજી...

આપના સહકાર વગર શકય નથી.....

ડૉ. મહેશભાઇ મિસ્ત્રી

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત
## સ્વયં ગ્રુપ-સુરત દ્વારા આયોજીત
# ઉડાન-૨૦૧૭




નમસ્કાર

ઉડાન પ્રથમ અધિવેશનની સફળતા બાદ સ્વયં સુરત મુકામે મહામંડળના સથવારે ફરીથી આપના માટે લઈને આવી રહ્યું છે બીજુ યુવા અધિવેશન....

### 'ઉડાન – ૨૦૧૭

સ્વયં સુરત દ્વારા ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ સુરત મુકામે ઉડાન-૨૦૧૭નું આયોજન કરવામાં આવશે, જેનું સ્થળ પછીથી જાણ કરવામાં આવશે. આ વખતનું યુવા અધિવેશન યુવાનો એક થીમ ઉપર લઈને આવી રહ્યા છે. આ થીમ છે ફેમીલી.

પારિવારીક સંબંધોના તાણાવાણામાં ગુંથાયેલી જિંદગીના રંગો આ વખતના ઉડાનને રંગવાનો પ્રયત્નો યુવાનો દ્વારા કરવામાં આવશે...

ગયા વખતના ઉડાનની જેમ આ વખતે પણ આપના સહકારની અપેક્ષા છે. જે માટે

વેન્યુ સ્પોન્સર : રૂા. ૧૨,૦૦૦/-ના ૩ સ્પોન્સર,
ભોજન સ્પોન્સર : રૂા. ૫,૦૦૦/-,
ચા-નાસ્તા સ્પોન્સર : રૂા. ૨,૫૦૦/-
તથા ભેટ આવકાર્ય છે. આ સિવાય આપના તરફથી મળતી અન્ય ભેટ આવકાર્ય છે.
ઉડાન-૨ એન્ટ્રી ફી રૂા. ૧૫૦/- પ્રતિ વ્યકિત રાખવામાં આવી છે. આપનું રજીસ્ટ્રેશન કયાં કરાવવું એ આગામી નવયુગ દ્વારા જાણ કરવામાં આવશે.

આ ઉપરાંત દરેક એકમના સ્વયં ગ્રુપને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ૧૦ મિનિટ ફાળવવામાં આવશે. સાંસ્કૃતિક કાર્યક્રમ માટે થીમ ફોલો કરવી જરૂરી નથી. પરંતુ પોગ્રામની ગરિમા જળવાય એવી જ એન્ટ્રી આવકાર્ય રહેશે. આપની એન્ટ્રી અગાઉથી મોકલવાની રહેશે. વધુ જાણકારી આપને નવયુગ, સમાજની વેબસાઇટ તથા અન્ય માધ્યમો દ્વારા પહોંચાડવામાં આવશે..

મૃદુતા પી. પંચોલી- અધ્યક્ષા (સ્વયં)
મો. ૯૯૨૪૨ ૧૧૭૨૨

# પ્રભાતના પુષ્પો

તારા તરફનો એક જ આંચકો અને મારો પતંગ કપાઇ ગયો. મને ખાતરી થઇ કે હું ઘણે ઊંચે પહોંચેલો પણ મારો માંજો કાચો હતો. આવા કાચા દોરના એકાદ ટુકડા સાથે, આજે તો મારું હૃદય આકશમાં લથેડિયાં લઇ રહ્યું છે અને જે પક્ષીઓ મારું સ્વાગત કરવા આવ્યાં હતાં તે ચાલ્યા ગયાં છે.

અને આવી મારી દશા જોઇને તું આનંદના પોકાર પાડે છે કે, 'કાપ્યો રે, કાપ્યો.' આખરે જો આમ જ કરવું હતું તો પછી તેં મને તારી આગાસીમાં શા માટે ખેંચી ન લીધો? મારા દુંખનો પાર નથી, કારણ કે હું કયાં જઇને પડીશ તે હું જાણતો નથી. આકાશમાં હું ભટકી રહ્યો છું પણ પળે પળે મારી ગતી જમીન તરફ ઢળી રહી છે અને મને પકડવા માટે અનેક આત્માઓ કૂદી રહ્યા છે.

કેવી આ જિંદગી છે! કાપે છે કોઇ અને પકડવા દોડે છે બીજા ...!!

– વજુ કોટક (Vaju Kotak Gujarati Chitralekha.)

# દિપોત્સવી અંક - ૨૦૧૬

| | | |
|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- |
| ☐ | પા પેજ (એક ફોટા વગર કે સાથે) | ₹ ૪૦૦/- |
| ☐ | મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા ('શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર **014710003655 IFSC code Bkdn 0210147** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................

(૨)........................................................ (૩) ........................................................

(૪)........................................................ (૫) ........................................................

(૬)........................................................ (૭) ........................................................

(૮)........................................................ (૯) ........................................................

સરનામુ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

પીન ..................................... ફોન : (ઘર)...............................(ઓ)...............................

મોબાઈલ ..........................................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૩૦.૦૯.૨૦૧૬ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત-સ્વયં ગ્રુપ આયોજીત

# એક દિવસીય પ્રવાસ-સાપુતારા

આયોજક : સ્વર યુથ-વ્યારા







શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત-સ્વયં ગ્રુપ આયોજિત એક દિવસીય પ્રવાસ.... સાપુતારા. તા. ૧૪.૮.૨૦૧૬ના રોજ સ્વર ગ્રુપ વ્યારાના સહયોગથી આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં વ્યારા-૧૦૪, સુરત-૨૯, અંકલેશ્વર-૧૮ અને નવસારીના ૨૭ મળી કુલ ૧૭૮ યુવક-યુવતિઓએ આ પ્રવાસનો લાભ લીધો હતો. મહામંડળના ત્રણ હોદ્દેદારો હાજર રહ્યા હતાં.

પ્રથમ મહામંડળ તરફથી સુંદર ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. અલ્પાહારને ન્યાય આપ્યા બાદ સાપુતારાના નયનરમ્ય અને જોવા લાયક સ્થળો જોઇ આનંદ વિભોર બન્યા...

સાપુતારામાં આ દિવસે મોન્સુન ફેસ્ટીવલ હોવાથી એનો પણ સુંદર લાભ મળ્યા. બપોરે મહામંડળ દ્વારા પીરસાયેલ સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો.

ત્યારબાદ મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત અંકિતભાઇની પ્રાર્થનાથી કરવામાં આવી. અક્ષરધામવાસી પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલી આપી.

આ કાર્યક્રમ યુવા સંગઠન તથા સ્વર ગ્રુપ-સુરતના અધ્યક્ષા શ્રીમતિ મૃદુતા પંચોલી, સ્વર યુથ-વ્યારાના પ્રમુખ શ્રી અંકિતભાઇ, મંત્રી શ્રી તેજ પંચોલી, સહમંત્રી કુ. દ્રિયા પંચોલી દ્વારા વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સર્વે યુવાનો સક્રિય રહી કાર્યક્રમને માણ્યો હતો.

કાર્યક્રમના અંતે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખશ્રી તથા તેમની ટીમ ભોજન અને અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવા બદલ આભાર વ્યકત કર્યો હતો. મોટી સંખ્યામાં યુવાનોએ હાજર રહી કાર્યક્રાને સફળ બનાવવા બદલ આભાર વ્યકત કર્યો હતો.. અંતમાં સૌ મહામંડળના પ્રમુખ શ્રી મનિષભાઇનો આભાર વ્યકત કરી છુટા પડયા.

# પંચોલી સમાજ વ્યારા



**પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા. શ્રી પંચોલી સમાજ વ્યારા દ્વારા દર વર્ષે શ્રાવણ માસ નિમિત્તે જ્ઞાતિજનો માટે એક દિવસીય ધાર્મિક પ્રવાસનુંઆયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે તા. ૨૧–૮–૨૦૧૬ના રવિવારના રોજ ''બારડોલી–કેદારેશ્વર, ગલતેશ્વર, વાઘેચા, કમલેશ્વરમહાદેવ તથા સાંકરી મુકામે જઈ દર્શન કરી સૌ આનંદવિભોર થયા. પ્રવાસ સમિતિના અધ્યક્ષ શ્રી ભદ્રેશભાઈ ભીખુભાઈ મિસ્ત્રી અને હેમંતભાઈ નવીનભાઈ પંચોલીએ સુંદર આયોજન કર્યુ હતુંતથા સાંજના ભોજન માટે શ્રી હર્ષવદનભાઈ પી. મિસ્ત્રીએ સુંદરવ્યવસ્થા કરી હતી.આમ સુંદર અને ધાર્મિક પ્રવાસ ખુબ જ રસપ્રદ રહયો.**

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા સમાજ, અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરની એક મિટિંગ તા. ૭.૮.૨૦૧૬ના રોજ ચિંતનકુમાર શૈલેષભાઇ પંચોલીના નિવાસ સ્થાને મળી. સમૂહમાં પ્રાર્થના બાદ પ્રમુખ શ્રી પરેશભાઇએ સૌને આવકાર્યા અને મહામંડળની સામાન્ય સભા સફળ બનાવવા સાથ-સહકાર આપનાર સભ્યોનો આભાર વ્યકત કર્યો અને આ વખતે મહામંડળની સામાન્ય સભામાં યુવાનો અને મહિલાઓની વિશેષ હાજરીને પંચોલી સમાજની પ્રગતિના મંડાણ થઈ રહ્યા છે..

એક દિવસીય પ્રવાસનું આયોજન કરવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં ચર્ચાને અંતે તા. ૨૮.૮.૨૦૧૬ના રોજ બપોરે ૩.૩૦ કલાકે ગુમાનદેવ અને ઝઘડીયા ખાતે આવેલ ગાયત્રી મંદિરના પ્રવાસનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.

નવયુગ તંત્રીશ્રી દિનેશભાઈએ દિપોત્સવી અંકમાં જાહેરાત આપવાની હાકલ કરતા હાજર રહેલ સભ્યોએ સુંદર પ્રતિસાદ આપ્યો હતો.. તથા ગેર હાજર રહેલ જ્ઞાતિજનોનો સંપર્ક કરી વધુ જાહેરાત મેળવવા માટે પ્રમુખશ્રી પરેશભાઈએ જણાવ્યું હતું.

શ્રી પંચોલી મહિલા મંડળને મહિલા સંગઠન અને મહામંડળ તરફથી પ્રથમ ઇનામ પ્રાપ્ત કરવા બદલ માજી પ્રમુખ માનનીય અનુરાધાબેનનું અભિનંદન આપ્યા હતાં. તથા પ્રમુખ શ્રીમતિ મીનાબેનને પણ એવો જ સહકાર મળે અને આવતા વર્ષનો એવોર્ડ પણ હાંસલ કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

રૂા. ૫૦૦/- ભરૂચ નિવાસી શ્રીમતિ જયોતિબેન તથા ચેતનકુમાર વિઠ્ઠલદાસ પંચોલી તરફથી ઉત્તરાખંડ દેવભૂમિની સફળ યાત્રા નિમિત્તે.

અંતમાં મિટિંગની સુંદર વ્યવસ્થા તથા અલ્પાહાર માટે ચિંતનભાઈનો આભાર વ્યકત કર્યો હતો. અને અલ્પાહારને ન્યાય આપી સૌ છુટા પડ્યા હતાં.

## શ્રી પંચોલી સમાજ - અમદાવાદ

દર વર્ષની જેમ ૧૫ ઓગસ્ટ-૨૦૧૬ના દિને અમદાવાદ નાં એલિસબ્રીજ 'ગુજરાત વીઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસીએશન' યોજિત ૧૮મો ચિત્રકાર નીમા સર્જન કાર્યક્રમ યોજાયો. ગુજરાતભરમાંથી ૨૦૦ ઉપરાંત કલાકારો-કલાના વિદ્યાર્થીઓએ ઓન ધ સ્પોટ ચિત્રો કર્યા. ઉદ્દઘાટન સમારંભ માં ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જય પંચોલીએ એન્કરીંગ કર્યુ. સતત ૧૮ વર્ષથી એ, કાર્યક્રમમાં સક્રિય હોય જ.. ઓડિયન્સે રસપૂર્વક, કલાકેકનો કાર્યક્રમ માણ્યો. કલાકારને અનેક અભિનંદન...

# મહિલા સમાચાર

## પ્રગતિ મહિલા મંડળ, વ્યારા

તા. ૭.૮.૨૦૧૬ના રોજ પંચોલી વાડીમાં પ્રગતિ મહિલા મંડળની મિટિંગ મળી જેમાં ૬૪ બહેનો હાજર રહી હતી.

મિટિંગની શુભ શરૂઆત મંત્રીશ્રી રીનલબેને કરી. પ્રમુખશ્રી બેલાબેને સૌને આવકાર્યા. અમિષાબેન હેમંતભાઇ એ પ્રાર્થના કરી. સહમંત્રી હેતલબેને ગત મિટિંગના અહેવાલનું વાંચન કર્યુ. ચાલુ માસમાં આવતી બર્થડે અને મેરેજ એનીવર્સરી વીસ કરવામાં આવી. રીનલબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેમાં અંજલીબેન પરેશભાઇ પચ્ચીગર વિજેતા થયા. ૧૫ ઓગસ્ટ નિમિત્તે શહિદોને શ્રદ્ધંજલી આપી. બેલાબેને નાગપંચમી વિશે સુંદર વાર્તા કહી નાગપંચમીનું મહાત્મય સમજાવ્યું. આજરોજ દેશભકિત ગીતની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેના વિજેતા પ્રથમ-ધર્મિષ્ઠાબેન ચેતનભાઇ પંચોલી અને દ્વિતીય કુસુમબેન શાંતિલાલ પંચોલી અને તૃત્ય જયોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી વિજેતા થયા હતાં. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કલ્પનાબેન શીમ્પીએ સેવા આપી હતી. કલ્પનાબેને એક સુંદર ગીત રજુ કરી એમની કલા પ્રદર્શીત કરી હતી. ત્યારબાદ એમને સ્મૃતિભેટ આપી આભાર વ્યકત કર્યો.

ગયા માસમાં નવયુગ કવીઝ રાખી હતી. તેના વિજેતાની જાહેરાત આનંદીબેને કરી જેમાં પ્રથમ રીટાબેન રાકેશભાઇ ગાંધી, દ્વિતીય-કુસુમબેન શાંતિલાલ પંચોલી આવ્યા હતાં. હવેથી દરેક મિટિંગમાં નવયુગના પાંચ કિવીઝ પૂછવામાં આવશે જેના વર્ષે વિજેતા બહેનોને ઇનામ આનંદીબેન તરફથી આપવાની જાહેરાત કરાય હતી. દિવાળી અંકમાં નવયુગની જાહેરાત આપવા અંગે ચર્ચા કરી હતી. ચાલુ માસમાં જન્માષ્ટમી આવતી હોય મટકી ફોડનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળકો રાધા અને કૃષ્ણની સુંદર વેશભૂષા કરી આવ્યા હતા. શ્રીમતિ કૃતિબેન કૃણાલભાઇ પંચોલીના પુત્ર શુભે મટકી ફોડી ચોકલેટનું વિતરણ કર્યુ હતું. ફ્રેન્ડશીપ ડે નિમિત્તે આનંદીબેન તરફથી ચોકલેટ આપવામાં આવી હતી.

પ્રગતિ મહિલા મંડળને મહામંડળ અને મહિલા સંગઠન તરફથી પ્રથમ નંબર મળ્યો અને રૂા. ૧૦૦૧/- રોકડ પુરસ્કાર અને સર્ટીફિકેટ મળ્યું તેની જાહેરાત કરી સૌ સભ્યોએ ખુશી વ્યકત કરી પ્રમુખશ્રીને અભિનંદન પાઠવ્યા. આવતા માસની મિટિંગ તા. ૧૧.૯.૨૦૧૬ના રોજ વેસ્ટ માંથી બેસ્ટના ડેમો સાથે મળીશું. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

૧૦૦૧ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તરફથી બેસ્ટ મહિલા મંડળના એવોર્ડ તરીકે મળ્યો.

૨૦૧ કૃતિબેન કૃણાલભાઇ પંચોલી તરફથી ચિ. શુભ કનૈયો બન્યો તે નિમિત્તે.

૧૦૧ પુત્રવધૂ ડો. ફાલ્ગુની ડિસ્ટીંગ્સન સાથે પાસ થયા તે નિમિત્તે અંજલીબેન પરેશભાઇ પચ્ચીગર તરફથી મળ્યા.

૫૧ રંજનબેન નવિનભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે

૫૦ અલ્કાબેન દર્શનભાઇ પંચોલી તરફથી બર્થડે નિમિત્તે.

૫૧ પ્રભાબેન જમીયતભાઇ પંચોલી તરફથી બર્થડે નિમિત્તે.

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

પંચોલી ભગીની સમાજ રાજપીપલાની મિટિંગ તા. ૧૬.૭.૨૦૧૬ના રોજ સ્નેહાબેનને ત્યાં મળી. સમૂહ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી. સ્વ. અગમશરણભાઇ પંચોલી તથા સ્વ. ભાનુબેનના સ્મરણાર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. વેલકમ ડ્રીંકસથી સૌનું સ્વાગત કર્યુ.

ગત મિટિંગનું વાંચન મંત્રીશ્રીએ કર્યુ. વન મિનિટ ગેમ તથા સ્ટ્રોની ગેમ રમ્યા. વિજેતા બહેનોને ઇનામો આપ્યા. સ્નેહાબેને જનરલ નોલેજના પ્રશ્નો લખાવ્યા જેના દરેક બહેનોએ ઉત્સાહભેર જવાબો આપ્યા. મહામંડળ તરફથી અ વિભાગમાં બેસ્ટ મહિલા મંડળનું બીજું ઇનામ મળ્યું જેમાં રોકડ પુરસ્કાર અને સર્ટીફિકેટ મળ્યા તે બદલ સૌ બહેનોએ ખુશી વ્યકત કરી પ્રમુખશ્રીને અભિનંદન પાઠવ્યા. અંતમાં હાઉસી રમ્યા અને સુંદર ભોજનને ન્યાય આપી છુટા પડયા.

૨૦૧ ભાનુબેન ગણપતભાઇ પંચોલીના સ્મરણાર્થે

૫૦૧ અગમશરણ ધીરજલાલ પંચોલીના સ્મરણાર્થે

૧૫૦ ગીતાબેન જી. પંચોલી તરફથી અમેરીકા ગમન નિમિત્તે.

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તેજસ્વીની મહિલા મંડળ વડોદરાની મિટિંગ તા. ૧૩.૦૮.૨૦૧૬ના રોજ શીલાબેન એ. પંચોલીને નિવાસસ્થાને મળી. જેમાં ૧૬ બહેનો હાજર રહી હતી. શ્રાવણ માસ હોવાથી શીવ વંદનાથી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. દિવંગત આત્માને મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. સપનાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચ્યો. નવયુગના મુખ્ય મુદ્દાઓનું વાંચન કર્યુ.. આ માસમં આવતી એનીવર્સરી વીશ કરી અને ગીફટ આપી બર્થડે વીશ કરી.

આજરોજ ગજરા ગુંફનની હરીફાળ રાખવામાં આવી હતી. જેમાં પ્રથમ પ્રજ્ઞાબેન બી. અને દ્વિતીય આનંદીબેન વિજેતા થયા હતાં. વન મિનિઠ ગેમમાં પ્રથમ નિકુંજબેન તથા દ્વિતીય પ્રીતિબેન મપારા વિજેતા બન્યા. હાઉસી પણ રમ્યા. વિજેતા બહેનોને ઇનામો આપી નવાજ્યા. દરેક બહેનોએ પોતપોતાની કળા દર્શાવી... અંતમાં શીલાબેન તથા તેમના પરિવારજનોનો આભાર માની ડીનર લઇ છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

પંચોલી મહિલા મંડળ, અંકલેશ્વરની એક મિટિંગ તા. ૧.૦૮.૨૦૧૬ના રોજ હેતલબેન પરેશભાઇ મિસ્ત્રીના નિવાસસ્થાને મળી. ૧૫મી ઓગસ્ટ નિમિત્તે ત્રીરંગા ધ્વજના કલરના વસ્ત્રો પરીધાન કરી બહેનો આવી હતી. પ્રથમ સમૂહ પ્રાર્થના બાદ ગત મિટિંગનો અહેવાલ સહમંત્રી સોનલબેન મનોજભાઇએ વાંચી સંભળાવ્યો.

આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વીશ કરવામાં આવી. ગીફટ આપી બર્થડેની શુભેચ્છાઓ પાઠવી. આજરોજ પ્રોજેકટ અનુસાર ગજરા ગુંફનની સ્પર્ધા રાખવામાં આવી જેમાં પ્રથમ દક્ષાબેન દિનેશભાઇ અને દ્વિતીય અનુરાધાબેન વિજેતા થયા.

હેતલબેને વન મિનિટ ગેમ રમાડી ૫૦ વર્ષથી નીચેમાં હેતલબેન પરેશભાઇ અને ૫૦ વર્ષ ઉપરમાં દક્ષાબેન દિનેશભાઇ વિજેતા બન્યા. વિજેતાબ હેનોને મહિલા મંડળ તરફથી ઇનામો આપ્યા. ૧૫મી ઓગષ્ટ આવતી હોય દેશભકિતના ગીતો ગાયા. અનુરાધાબેને સુંદર વાર્તા કહી.

અગામી મિટિંગ તા. ૩ સપ્ટેમ્બરે શીલાબેન નિતિનભાઇને ત્યાં રાખવાનું નકકી થયું. આ દિવસે સામાન્યજ્ઞાન કવીઝ તથા બ્લ્યુ ડે રાખવાનું નકકી કરવામાં આવ્યું.

રૂા. ૫૧/- ભાવનાબેન મલયકુમાર મિસ્ત્રી તરફથી પુત્રી જાનવીની પ્રથમ બર્થડે નિમિત્તે.

રૂા. ૧૦૧/- માનનીય મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી તરફથી એમની વર્ષગાંઠ નિમિત્તે.

અંતમાં રાષ્ટ્રગીત ગાઇને અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

## આપણું ગૌરવ



વડોદરા નિવાસી નિલેષભાઇ બાબુભાઇ મપારાની સુપુત્રી ચિ. ધ્વની C.A.I.P.C.C.માં ઇન્ડિયામાં ૩૯મો નંબર અને વડોદરામાં બીજો અને કોચીંગ કલાસમાં પ્રથમ નંબર લાવી આપણા સમાજનું, બરોડા એકમનું અને એમના માતા-પિતાનું નામ રોશન કર્યુ છે...

જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે... ઉત્તરોત્તર પ્રગતિ માટેની હાર્દિક શુભેચ્છાઓ સમગ્ર પંચોલી સમાજ પાઠવે છે.




## અનુકરણિય



સુરત નિવાસી શ્રીમતિ ભારતીબેન હેમંતભાઇ મિસ્ત્રી તા. ૨૬.૦૮.૨૦૧૬ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ કર્યા તે નિમિત્તે રૂા. ૫,૦૦૦/- પંચોલી નવયુગને ભેટ મળ્યા...
ખૂબ... ખૂબ.... આભાર..

તંત્રીશ્રી



લેસ્ટર નિવાસી શ્રી અરવિંદભાઇ ત્રિભોવનદાસ પંચોલી તરફથી સ્વર્ણિમ ફંડમાં રૂા. ૫,૦૦૦/- ભેટ મળ્યા...
ખૂબ... ખૂબ.... આભાર..

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં. સૌ. સ. મહામંડળ

## તેજસ્વી તારલા



ધ્વની નિલેષભાઇ
મપારા-વડોદરા
C.A.I.P.C.C.



ક્રિના પારસભાઇ
મિસ્ત્રી-અંકલેશ્વર
B-Arch.



નીલમ જીતેન્દ્ર
મિસ્ત્રી-મુંબઇ
B.Com.



વિધિ ફાગુનભાઇ
પંચોલી-મુંબઇ
IC SE "A" Grade

## ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૨૫૦/- બીલીમોરા નિવાસી ધનેશભાઇ મગનલાલ મિસ્ત્રી તરફથી પૌત્ર ચિ. હર્ષના જન્મ નિમિત્તે

રૂા. ૨૫૦/- ભરૂચ નિવાસી શ્રીમતિ જ્યોતિબેન તથા ચેતનકુમાર વિઠ્ઠલદાસ પંચોલી તરફથી ઉત્તરાખંડ દેવભૂમિની સફળ યાત્રા નિમિત્તે.

રૂા. ૧૦૧/- અંકલેશ્વર નિવાસી માનનીય મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી તરફથી વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૨૫૦/- વડોદરા નિવાસી શ્રીમતિ જ્યોતિબેન શશીકાંતભાઇ પંચોલી તરફથી પૌત્ર વિહાનના જન્મદિવસ નિમિત્તે.

## જાણવા જેવું

વિવિધ દેશોના સ્વાતંત્ર્ય દિન

| દેશ | સ્વાતંત્ર્ય દિન |
|---|---|
| ભારત | ૧૫ મી ઑગસ્ટ |
| પાકિસ્તાન | ૧૪ મી ઑગસ્ટ |
| જાપાન | ૨૦મી ઍપ્રિલ |
| ચીન | ૧૪મી ઑક્ટોબર |
| ઑસ્ટ્રેલીયા | ૨૬મી જાન્યુઆરી |
| રશિયા | ૭મી નવેમ્બર |
| બ્રાઝીલ | ૧૭મી ઑગસ્ટ |
| ફ્રાન્સ | ૧૪ મી જુલાઇ |

શીલાબેન એ. પંચોલી-વડોદરા

## દેવના દીધેલ

બીલીમોરા નિવાસી શ્રી અમિતકુમાર ધનેશભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્રરત્ન 'ચિ.હર્ષ' નો જન્મ તા. ૦૭. ૦૭ ૨૦૧૯ ના રોજ થયો.

માતા : નેહાબેન



## એકવાર જાવુ હરીના ધામમાં

હરીપુરા સુરત નિવાસી શ્રી રમણિકભાઇ નાથુભાઇ ગજ્જર તા. ૦૩.૦૮.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૮૯



નવયુગ શુભચિંતક શ્રીમતિ જયોત્સનાબેન અમૃતલાલ મિસ્ત્રી મુંબઈ સ્વ. મહેન્દ્રભાઈ ગાંડાભાઈ પંચોલી મુંબઈ

Book-Post

*Printed Book*

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**